सा विद्या या विमुक्तये

# શારદ

માર્ચ ૨૦૧૯

**ઈનામ વિતરણ કાર્યક્રમ**






# રમતોત્સવ, ૨૦૧૮-૨૦૧૯















# શારદ

सा विद्या या विमुक्तये

શારદામંદિર, અમદાવાદ.

માર્ચ, ૨૦૧૯
વર્ષ ૩૮, અંક-૨


વિદ્યાર્થી મિત્રો,
સાદર પ્રણામ, સૌને નમસ્કાર,

## પરીક્ષા મોકુફી - એક કરૂણ ઘટના....

ગત તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ ગુજરાત સરકારના પોલીસ ખાતાની ભરતીના ઉમેદવારોની પરીક્ષાનું કેન્દ્ર આપણી શાળાને ફાળવવામાં આવ્યુ હતું અને કેન્દ્ર નિયામક તરીકે મારી નિમણુંક કરવામાં આવી હતી. પરીક્ષાનો સમય બપોરે ૨ વાગ્યાનો હતો પરંતુ ઉમેદવારોના હાથની ફીંગર પ્રિન્ટ તથા ફોટો પાડવાની વિધિ કરવાની હોઈ ઉમેદવારોને ૧૧ વાગ્યે શાળામાં પ્રવેશ આપેલ. પોલીસ ખાતાના કર્મચારીઓ વચ્ચે ઉમેદવારોના ખિસ્સા તપાસવામાં આવ્યા અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી. આ ઉમેદવારોમાં કોઈ જ ઉમેદવાર અમદાવાદ શહેરનો ન હોતો. મોટા ભાગના ઉમેદવારો અન્ય શહેર તથા ગામડામાંથી શાળા શોધતા-શોધતા આવેલ. અરે, ઘણાં તો આગળના દિવસે અમદાવાદ આવી ધર્મશાળા કે હોટલમાં ઉતરેલ. ઉમેદવારોનો પહેરવેશ વિ. જોતાં તેઓનો આર્થિક પરિસ્થતિનો તાગ આવી જતો હતો.

લગભગ એક વાગ્યે સમાચાર મળ્યા કે પેપર લીક થયેલ હોવાથી પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે અને જાહેરાત કરતાં જ ઉમેદવારોનો હલ્લાબોલ શરૂ થયો અને તોફાની વાતાવરણ થાય તેવી સ્થિતિ લાગી. સદ્‌નસીબે પોલીસ હોવાથી શાળાને કોઈ નુકશાન થઈ શકેલ નહીં. મોટા ભાગના ઉમેદવારો જેઓએ બાર માસથી તૈયારી કરીને આવેલા, તેઓ નિરાશ થઈ પરત થવા લાગ્યા.

થરાદ ખેડૂત પરિવારના એક વિદ્યાર્થીએ તેની આપવીતી કહેતા કહ્યું કે અત્રે આવવા માટે મારા પિતાએ બસ ભાડાના પૈસા ક્યાંકથી ઉછીના લીધેલ છે. ખિસ્સામાં મર્યાદિત રકમ હોવાથી મારે એક ધર્મશાળાના રીસેપ્શન કાઉન્ટર પર રાતવાસો કરવો પડ્યો. સમગ્ર દિવસ તથા રાત્રિ દરમ્યાન ફક્ત એક કપ ચા પીધી છે.

મેં પૂછ્યું કે તારી પાસે ભાડાના પૈસા ન હોય તો હું તને રૂા.૧,૦૦૦/- આપું છું, તો તે લેવાની તેણે ના પાડી અને કહ્યું કે ‘હવે હું આ પરીક્ષામાં બેસવાનો નથી, આવી પરીક્ષામાં આવું તે કરતાં હું મારા પિતાને ખેતીવાડીમાં મદદ કરીશ.’ આ સાંભળી મારી આંખો ભીંજાઈ ગઈ અને સરકારી તંત્રની આવી બેદરકારીનો ભોગ બનતા ઉમેદવારો / વિદ્યાર્થી નો પ્રત્યક્ષ અનુભવ થયો.

ત્રણ હજાર(૩,૦૦૦) લોકરક્ષકની સામે ૮.૭૬ લાખ વિદ્યાર્થી. આ પરિસ્થિતિમાં આપણા બાળકો ક્યાં ? શું ?અને કેવી રીતે ? શ્રેષ્ઠ પરિણામ વગર સમાજમાં ક્યાંય જગ્યા નથી. શિક્ષકો, વાલી, વિદ્યાર્થીઓ આપણે સૌ એ ચેતવાની જરૂર છે.

આવનાર દિવસોમાં બોર્ડની પરીક્ષા શરૂ થશે. સૌ વિદ્યાર્થી ભાઈ બહેન જવલંત સફળતા મેળવે તેવી સૌ વતીથી પ્રાર્થના.....

***Wish you a Best of Luck.....***

- આચાર્ય
( વિજય રાવલ)

### આ અંકમાં


❖ ઈનામ વિતરણ સમારોહ
❖ ઈનામ વિતરણ સમારોહ
❖ ઈનામ વિતરણ સમારોહ
❖ સંસ્મરણો
❖ અભિનંદન
❖ આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ
❖ પ્રવૃત્તિઓ
❖ આર્કાઈઝમાંથી
❖ રીપોર્ટ
❖ વિદ્યાર્થી વિભાગ
❖ શારદામંદિર નવનિર્માણ


### સુચના

- આપના બાળકની ફી સમયસર ભરી દેવી આવશ્યક છે.
- અનુભવે જણાયું છે કે ઘણા વાલીઓ શાળા છુટે પછી તેમના બાળકને ઘણા મોડા લેવા આવે છે અને તેથી બાળક પણ મુંઝવણ અનુભવે છે તો આપના બાળકને સમયસર લેવા આવશો.

### વેકેશન

શાળાના તમામ વિભાગોમાં તા.૬-૫-૧૯ ને સોમવારથી તા. ૯-૬-૧૯ને રવિવાર સુધી ઉનાળુ વેકેશનની રજાઓ રહેશે.
તા. ૧૦-૬-૧૯ને સોમવારના રોજથી શાળાના તમામ વિભાગો રાબેતા મુજબ ચાલુ થશે.

# ઈનામ વિતરણ સમારોહ

તા. ૬-૨-૧૯ને બુધવાર સંસ્થા દ્વારા શાળામાં ભણતા શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓમાં આગવી સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળા તરફથી ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને રોકડ રકમ, મોમેન્ટો, સર્ટીફીકેટ તથા મેડલ આપી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

SSC અને HSC બોર્ડ પરીક્ષા વર્ષ ૨૦૧૭-૧૮ના પરિણામ બાદ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓમાં શાળામાં પ્રથમ આવનાર તથા વિવિધ વિષયોમાં પ્રથમ આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને દાતાશ્રીઓ તરફથી મળતી રકમ ઉપરાંત શાળા તરફથી રોકડ રકમ આપી સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આમંત્રીત મુખ્ય મહેમાન ડૉ. હર્ષિલ ઝવેરી જેઓ દાંતના પેઢાના નિષ્ણાત ડૉક્ટર છે તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તથા શ્રી પ્રિતેશભાઈ ચોખડીયા પણ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તથા સંસ્થાના મંત્રી અને ટ્રસ્ટી શ્રી ઉદયનભાઈ શાહ અને ટ્રસ્ટી શ્રી રૂપલબેન મહેતાના હસ્તે મોમેન્ટો, સર્ટીફીકેટ અને મેડલ એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. હર્ષિલ ઝવેરીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતા જણાવેલ કે જીવનમાં હાર થતાં ક્યારેય નિરાશ થવું નહીં પરંતુ પ્રયત્નો ચાલુ રાખવા. સંસ્થાના મંત્રી શ્રી ઉદયનભાઈએ વિદ્યાર્થીઓને મોબાઈલથી દૂર રહેવા અને અભ્યાસ તથા વાંચનમાં એકાગ્રતા રાખવાનું સૂચવ્યું હતું.

## વિનયમંદિર વિભાગ



**રાજદેવ ભવ્ય અમીષકુમાર**
(એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ,
શાળામાં ધો.૧૦ ગણિત અને વિજ્ઞાનમાં પ્રથમ)



**શાહ હિમાદ્રી જયેશકુમાર**
(ધો. ૧૨માં કમ્પ્યૂટર વિષય તથા
સા.પ્ર. માં બી.એ.માં પ્રથમ)



**દોશી જાનવી પ્રીતેશકુમાર**
(એસ.એસ.સી.માં બહેનોમાં પ્રથમ)



**શાહ ધ્રુવી અખિલેશ**
(ધો.૧૨ વિ.પ્ર.માં શાળામાં તથા બહેનોમાં પ્રથમ)



**શાહ નિધિ નિતિનકુમાર**
(ધો.૧૨માં શાળામાં સા.પ્રવાહમાં તથા બહેનોમાં પ્રથમ)



**નેવે કુણાલ મધુકર**
(ધો.૧૨ વિ.પ્ર.માં બાયોલોજીમાં પ્રથમ)

**પૂજારા પૂજન શૈલેષભાઈ**
(ધો.૧૨ વિ.પ્ર.માં ગણિતમાં પ્રથમ)

# ઈનામ વિતરણ સમારોહ

**નીચેના વિદ્યાર્થીઓને જેઓએ અભ્યાસ ઉપરાંત ગત વર્ષ ૨૦૧૮માં ઈત્તર પ્રવૃત્તિઓમાં સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે તેઓને શાળા પરિવાર તરફથી ખૂબ ખુબ અભિનંદન.**

| | | | |
|---|---|---|---|
| (૧) | **વ્યાસ માહી ફાલ્ગુનભાઈ (ધો.૯)** | ખાડીયા સાર્વજનિક વ્યાયામ શાળા આયોજીત ગુજરાત સબજુનિયર પાવર લીફટીંગ | ગોલ્ડ મેડલ |
| (૨) | **બ્રહ્મભટ્ટ હિમાદ્રી શૈલેષભાઈ (૧૨-અ)** | કલા મહાકુંભ આયોજીત સંગીત સ્પર્ધા (શાસ્ત્રીય સંગીત) | બીજા ક્રમે |
| (૩) | **ચૌહાણ ખુશી હિરેનભાઈ (૧૨-અ)** | કલા મહાકુંભ આયોજીત સંગીત સ્પર્ધા (શાસ્ત્રીય સંગીત) | ત્રીજા ક્રમે |
| (૪) | **ક્ષિતીજ હેમંતભાઈ અધારા (૧૧-અ)** | રાજકોટ ખાતે ડીસ્ટ્રીક્ટ લેવલ સ્વીમીંગ કોમ્પીટીશનમાં | પ્રથમ નંબરે |
| (૫) | **મીત ગૌરવભાઈ ચૌહાણ (૭-શિશુમંદિર)** | ગુજરાત રાજ્યકક્ષા શિક્ષક સંઘ આયોજીત ૧૮મી તત્કાલ ચિત્ર સ્પર્ધામાં વિજેતા | |
| (૬) | **કાવ્યા રમેશભાઈ વોરા (૮-ઈ)** | ગુજરાત રાજ્યકક્ષા શિક્ષક સંઘ આયોજીત ૧૮મી તત્કાલ ચિત્ર સ્પર્ધામાં વિજેતા | |
| (૭) | **હાડા ખંજન નિરવસિંહ (ધો.૧૦-વિનયમંદિર)** | બેસ્ટ કેડેટ એવોર્ડ (૨૦૧૭-૧૮) અને રૂ.૬૦૦૦/- | રોકડ પુરસ્કાર |
| (૮) | **નિશ્રા દિપકભાઈ શાહ (૧૦-ઈ)** | ૮મી ગુજરાત સ્ટેટ કુડો ચેમ્પીયનશીપ (નવસારી)અન્ડર-15(ગર્લ્સ) | બ્રોન્ઝ મેડલ |
| (૯) | **શાહ વાદન હિતેશભાઈ (ધો.૧૦)** | નિબંધ સ્પર્ધા ( પર્યાવરણ સુરક્ષા) (ઈન્ટરનેશનલ સોસા.ફોર રીસર્ચ ઓન એનવાર્યમેન્ટ એન્ડ ડીસીઝ આયોજીત) | પ્રથમ સ્થાન |
| (૧૦) | **પંચાલ પ્રીથીશ પ્રજ્ઞેશકુમાર (ધો.૧૦)** | સ્કુલ ગેમફેડરેશન ઓફ ઈન્ડિયા- "કુડો" (ગુજરાતમા) | દ્વિતીય સ્થાન |
| (૧૧) | **કાયસ્થ વ્રજ ધવલકુમાર (ધો.૯)** | ચેસ અન્ડર - 14 (All over world) ( ઈન્ટરનેશનલ સેકન્ડ ગ્રીન હબ- રાણીપ) | પ્રથમ સ્થાન |
| (૧૨) | **હાડા ખંજન નિરવસિંહ (ધો.૧૦-વિનયમંદિર)** | ખેલ મહાકુંભમાં ડિસ્ટ્રીકટ લેવલ - તૃતીય સ્થાન | બ્રોન્ઝ મેડલ |
| (૧૩) | **પરમાર મિતેષ બિપીનભાઈ (ધો.૧૨-કોમર્સ, વિનયમંદિર)** | વિવેકાનંદ ક્વીઝ કોમ્પીટીશન(અમદાવાદ ડીસ્ટ્રીક્ટ) | દ્વિતીય સ્થાન |

**ક્રિકેટ (વિવિધ કેટેગરીમાં બેસ્ટ પરફોર્મન્સ બદલ )**

| | | |
|---|---|---|
| (૧૪) | પાર્થ ધર્મેન્દ્રભાઈ પટેલ | ક્રિકેટમાં અન્ડર-14 |
| (૧૫) | ગૌરાંગ સુરેશભાઈ મકવાણા | ક્રિકેટમાં અન્ડર-14 |
| (૧૬) | રાજવીર રણજીતસીંગ ડોડીયા | ક્રિકેટમાં અન્ડર-14 |
| (૧૭) | ઈમાઈલ ઈનોસન્ટ હેરી | ક્રિકેટમાં અન્ડર-16 |
| (૧૮) | યુવરાજસીંહ દિલીપસીંહ ઝાલા | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૧૯) | ધગશ બકુલભાઈ જાની | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૦) | દેવર્શ પીન્ટુભાઈ ગજ્જર | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૧) | મેહુલ દિપકભાઈ પંચાલ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૨) | વિભેશ રાજેશભાઈ સોલંકી | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૩) | પોરસ વિજયભાઈ રાવલ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૪) | ભાવિક ગીરીશભાઈ વાઘેલા | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૫) | રોહન રાજકુમાર શુક્લ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૬) | હર્ષિલ ઈશ્વરભાઈ દેસાઈ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૭) | નિત્ય અરવિંદભાઈ પટેલ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૮) | હેત કેતનકુમાર કલઈયા | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૨૯) | ધૈર્ય રાજેન્દ્રભાઈ પટેલ | ક્રિકેટમાં અન્ડર-19 |
| (૩૦) | આયુષ સંજય કોન્ટ્રાક્ટર | ક્રિકેટમાં અન્ડર-19 |

## જ્વલંત વિજય

શાળાની ક્રિકેટ ટીમટ્રુ-વેલ્યુ 9-19 સ્કુલ ટુર્નામેન્ટમાં સેંટ ઝેવીયર્સ સ્કુલને ફાઈનલમાં છ(૬) વિકેટે હરાવીને ચેમ્પીયન બની.
જેમાં ધગશ જાનીએ ૫ વિકેટ તથા ધૈર્ય પટેલે ૩ વિકેટ લીધી હતી. દેવર્ષ ગજ્જર ૪૨ બોલમાં ૪૦ અને હર્ષિલ દેસાઈ ૪૬ બોલમાં ૨૬ રન કરી અણનમ રહેલ.
શાળાની ક્રિકેટ ટીમને શાળા પરિવાર તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



Shardamandir Vinaymandir team recorded a six-wicket win

# PRIZE DISTRIBUTION PROGRAMME

**MODERN HIGHSCHOOL (ENLIGH MEDIUM)**



**VYAS YUVRAJ GAURANG**
(Stood First in schoolat S.S.C.Exam &
Highest marks in Maths & Science)



**ADESHARA AAYUSH MAHESHBHAI**
(Stood First in school H.S.C. Science &
Highest marks in Maths)



**AMIN AMANI DIVYANGBHAI**
(Stood First in school H.S.C.(Commerce),
Stood First among girls & Highest marks in B.A.)



**SHAH RAJAVI SANJAYBHAI**
(Stood First among girls H.S.C.Science)




**VAGHELA DHAVAL HARESHKUMAR**
(Highest marks in Computer subject)



**SHAH VAIBHAVI KALPESH**
(Highest marks in Biology)

**VYAS YASHVI UDAYKUMAR**
(Stood First girls in school)

# CONGRATULATION



Tank Anuj Jayeshbhai From Std. 1-E has got Gold Medal in Maths Silverzone Olympaids.
Many congratulations to him from School.

# મારી શાળા સાથેના મારા સંસ્મરણો

નમસ્તે મિત્રો,



હું ડૉ. હર્ષિલ ઝવેરી છું. વર્ષ ૨૦૦૯માં ધો.૧૨ પાસ કર્યા પછી શારદામંદિર સાથે મારો સંપર્ક તૂટી ગયો હતો. પછી હું મારું BDS અને MDS ભણવા પણ બહાર રહ્યો હતો એટલે શાળાએ જવાનો મોકો ન્હોતો મળતો અને જીવનની ભાગદોડમાં મેં ડૉક્ટર બન્યા પછી પણ શાળાએ જવાનો પ્રયત્ન ન કર્યો. આ વર્ષે મારા મને કીધું કે હું શાળાની મુલાકાત લઉ તેથી શિક્ષક દિનના દિવસે મેં શાળાની મુલાકાત લીધી. મારા સમયના ઘણા બધા શિક્ષકો નિવૃત્ત થઈ ગયા હતાં. પરંતુ જે શિક્ષકોને હું ઓળખતો હતો એમને મળીને મેં ખૂબ જ આનંદ અને ગર્વની લાગણી અનુભવી કારણકે મારા જીવનના ઘડતરમાં એમનો ફાળો ખૂબ જ અમુલ્ય હતો એ જ બધા બિલ્ડીંગ, ઓફિસ, રમતગમતનું મેદાન, પ્રાર્થના સભા જોઈને મારી જૂની બધી યાદો તાજી થઈ ગઈ.

પછી જ્યારે મારા દવાખાને પી. ડી. પટેલ સાહેબ આવ્યા ત્યારે એમની સેવા કરીને મેં મારી જાતને ધન્ય અનુભવી. જોગાનુજોગ આ વર્ષે હું શારદામંદિરની ભૂમિના સંપર્કમાં આવ્યો અને આ વર્ષે હું બેસ્ટ પેરિડોન્ટિસ્ટ (પેઢાના રોગના સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર) ઓફ ધ યર તરીકે નોમિનેટ થયો. એ મારા અને મારા પરિવાર માટે ખૂબ જ ગર્વની પળ હતી પછી મને સુરેશભાઈ સાહેબે શાળાના સંસ્મરણો યાદ કરવા આમંત્રણ આપ્યું.

હું વ્યક્તિગત રીતે કહું તો હું જ્યારે પણ શારદામંદિર શબ્દ સાંભળું ત્યારે મને એક રોમાંચ અને ખુશીનો અનુભવ થઈ જાય છે. હું બાલમંદિરથી બારમા ધોરણ સુધી શારદામંદિરમાં જ ભણ્યો છું. આ વર્ષોમાં મારી જીવનની ઘણી બધી યાદગીરી શાળા જોડે જોડાયેલી છે. અહીં જ મારા ભવિષ્યના સોનેરી સપનાના બીજ રોપાયા છે. મારા માટે મારી શાળાનું મહત્વ એટલા માટે છે કે મારું શિક્ષણ, સંસ્કાર, વ્યક્તિગતનું ઘડતર, કારકિર્દી નક્કી કરવા માટે મારી શાળા અને મારા શિક્ષકોનો સિંહફાળો રહ્યો છે. આજે પણ મને બાલમંદિરથી બારમાં ધોરણ સુધીના મારા બધા જ શિક્ષકોના નામ યાદ છે. એમણે અમને ભણતર સાથે ગણતર પણ શીખવ્યું. જરૂર પડ્યે શિક્ષકોએ લાડ લડાવ્યા અને જરૂર પડ્યે ઠપકો પણ આપતા. આજે કહું તો શાળામાં મેં પણ ઘણી ભૂલો કરી છે. પરંતુ ત્યારે શિક્ષકોએ ઠપકો આપ્યા પછી સાચો રસ્તો કયો છે તેની દિશા પણ બતાવી છે.

હું સાતમા ધોરણમાં હતો ત્યાં સુધી જયશ્રીબેન પ્રિન્સીપાલ હતાં. તેમણે ભણતર સાથે ઈત્તરપ્રવૃત્તિમાં પણ કેળવણી થાય તે માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતાં અને અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મેં વ્યક્તિગત રીતે ઘણી બધી સ્પર્ધાઓમાં ભાગ લીધો, ક્યારેક તેમાં નંબર આવતો અને ઘણામાં ન પણ આવ્યો. આજે એ કારણોસર અમે બીજી નાની મોટી ઈત્તરપ્રવૃત્તિમાં નિપૂણ થયા અને તેનો જીવનમાં ફાયદો પણ મળ્યો. મેં નાટકો, વક્તૃત્વ સ્પર્ધામાં પણ ભાગ લીધો. આજે એ કારણોસર હું સ્ટેજ પર ડર વગર બોલી શકું છું અને લેક્ચર આપી શકું છું.

અમને ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર તથા બીજા વિષયો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી, હિન્દી જેવી આપણી ભાષાઓની એટલી સરસ તાલીમ મળી છે કે હું ડૉક્ટર બન્યા પછી પણ આ અંગ્રેજીના દોરમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ભાષાનું સંતુલન રાખીને મારી ભાષા પરનું મારું પ્રભુત્વ જાળવી રાખી શક્યો છું. આ વાત અત્યારે એટલે કહું છું કે બાળકને એની ક્ષમતા પ્રમાણે કામ કરાવવું એ જ દરેક શિક્ષકનું કર્તવ્ય હોય છે અને મને ગર્વ છે કે મને આવા શિક્ષકો મળ્યા હતાં.

આજે મારા જીવનમાં નજર રાખું તો સારા મિત્રો પણ મને શાળામાંથી જ મળ્યા છે. તેમણે મને સારી-ખરાબ પરિસ્થિતિમાં સાથ આપ્યો અને મને મારી મર્યાદાઓ સાથે સ્વીકાર્યો છે. આવા મિત્રો આપવા બદલ હું શાળાનો હૃદયપુર્વક આભાર માનું છું.

બાળપણમાં બાલમંદિરમાં અમને લીમડાના રસ સાથે પીપરમીટ મળતી, એની ખુશી આજીવન યાદ રહેશે. અમે શિક્ષકદિન, શાળાનો સ્થાપના દિવસ વિગેરેની દર વર્ષે રાહ જોતા. શિક્ષકદિનના દિવસે હું દર વર્ષે શિક્ષક બનતો. સ્થાપના દિવસે પણ અમે બધા વિદ્યાર્થી અને શિક્ષકોના સહકારથી પરેડ કરતા અને બધી તૈયારી કરીને સફળતાપૂર્વક બધુ આયોજન કરતાં. આ બધી ઉજવણીનો રોમાંચ અવર્ણનીય હતો. મારા માટે તો ''આવે પેલો બાલરથી'' ગીત સૌથી ગમતા ગીતમાનું એક છે અને એ ડ્રમના બીટ્સ આજે પણ યાદ છે.

આમ આવા પ્રેમાળ શિક્ષકો આપવા બદલ, આજીવન સાથ આપનારા મિત્રો આપવા બદલ, મારા જીવનનું ઘડતર કરવા બદલ, મારી કારકિર્દીના ઘડતર સાથે જીવનનો સાચો રસ્તો બતાવવા શિક્ષકો આપવા બદલ હું શારદામંદિર વિનયમંદિરનું ઋણ સ્વીકાર કરું છું અને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. બધા જ શિક્ષકો અને અધ્યાપકોને મારા નમન.

અત્યારે ભણતા વિદ્યાર્થીઓને એક જ સલાહ આપું છું કે તમને આ શાળામાં ભણવાનો મોકો મળ્યો છે તેનો સારી રીતે લાભ ઉઠાવજો. આ શાળાએ સમાજને કુશળ ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, સીએ, બિઝનેસમેન આપ્યા છે. તમે તમારામાં વિશ્વાસ રાખશો તો તમે પણ આગળ નિપૂણ થઈને પ્રતિષ્ઠા મેળવશો અને શારદામંદિરનું નામ રોશન કરશો. આભાર.

**ડૉ. હર્ષિલ ઝવેરી** (MDS) Periodontist & Oral Implantologist (ભૂતપૂર્વ વિદ્યાર્થી)

Dear Past Students : We request you to please submit your Name, Address, Profession, Contact Numbers, Email and the year of passing school, so as to update School's past students' records. Thank You for your cooperation.

**Web Form Link : http://sharadamandir.com/alumni/**

# COMPETITIONS



**XXXIII Gujarat Science Congress-2019**
**Teaching and communicating Science :**
**Improving and Landscape of Education for Future Wellbeing**
**Organised by**
**L. J. Institute of Applied Sciences (Affiliated to Gujarat University)**
**Under the Aegies of Gujarat Science Congress, INSA,** Ahmedabad.

Date : 4 February, 2019

In 20 January, 2019 Gujarat Science Academy had organised a competition at Gujarat University for the discussion of 2018 Nobel aureated for Chemistry, Physics and Medical or physiology. I participated in Medical or physiology and my topic was on 'Cancer Therapy by inhibition of Negative Immune Regulation". This discovery was actually made on Cancer Treatment mainly Metastaic Cancer by James P. Allison and Yasuko Hanjo that were 3 different sections in it, for students in standard 9-12 of any discipline, for student of V. G. Leval of any discipline and for the student of P. G. Level including M. Phill, Phd, of obey discipline. It was a 10 min power point presentation for which each student of any stream (Science, Commerce, Arts, Engineering, Medical, Paramedical) etc. could participate. The presentation was for 8 minutes and 2 minutes for vivo; where the judges would ask the question related to it. Nearly there were 25 enteries in Medical or Physiology. All students gave their best presentation in the limited time. The result declaration was at evening through message or e-mail. The awards for the winner was given on 3rd February as I came 1st in 9-12th standard level. The prize distribution was held at L. J. campus. Here there were poster presentation also. Many great scientists had to come from different places of India to talk on their researches going on, even the great professors were also invited. The awards were also given to those students who wrote best thesis during their PhD. work, there were also best professor and best teacher award in different fields after the lunch break, There was the award session for the GSA, INSA students and for poster presentation students. As I was first in 9-12 level. I was awarded with a certificaet and cheque for Rs.2,000/-. Really the experience for participating in this type of competition was fantastic. I think student like me for any stream should participate in this type of competition to know the world of science.

Reported by : **Mehta Hetvi Jasmin -** Std. 12 Science (B Group)

# અભિનંદન

## શાળાનું ગૌરવ

સંસ્થાના વિનયમંદિર વિભાગના ધો.૧૦માં અભ્યાસ કરતા ચિ. વાદન હિતેશભાઈ શાહે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર રીસર્ચ ઓન સીવીલાઈઝેશન ડીસીઝ એન્ડ ઓન એન્વાયરમેન્ટ (ISRCDF) આયોજીત નિબંધ સ્પર્ધા જેનો વિષય હતો ''પર્યાવરણ સુરક્ષા મારી એક જવાબદારી'' માં ભાગ લીધેલ અને ૪૫૦ વિદ્યાર્થીઓમાં ''પ્રથમ સ્થાન'' પ્રાપ્ત કરેલ છે તે બદલ શાળા પરિવાર તરફથી અભિનંદન. તદ્ઉપરાંત Oasis Misaal Team ના ૩ રાઉન્ડ પાસ કરવા ઉપરાંત ''સ્વચ્છતા'' નિબંધમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રાજય કલા શિક્ષક સંઘ દ્વારા રંગપુરણી ચિત્ર હરિફાઈમાં જુદી જુદી શાળાના કુલ ૪૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાં નીચે મુજબના આપણી શાળાના વિદ્યાર્થીઓએ મેડલ મેળવેલ.

**ગુજરાતી માધ્યમ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ બ | સોનાવે હલક વિશાલભાઈ | બ્રોન્ઝ | ૪ બ | દોશી ધૃવિ મિતેશકુમાર | ગોલ્ડ |
| ૩ અ | પ્રજાપતિ વિર વિજયભાઈ | ગોલ્ડ | ૫ અ | પટેલ ક્રિષા અલ્પેશભાઈ | સીલ્વર |
| ૪ અ | ઠાકોર હિનલ જસવંતજી | બ્રોન્ઝ | ૬ અ | વ્યાસ કૃષ્ણ ઉદયકુમાર | બ્રોન્ઝ |

**અંગ્રેજી માધ્યમ**

| | | |
|---|---|---|
| ૩ઈ | આજુગીયા ભવ્ય યોગેશભાઈ | ગોલ્ડ |
| ૪ઈ | દરજી યુગ મહેશભાઈ | સીલ્વર |
| ૭ઈ | ચૌહાણ કૃણાલ રામસીંગ | ગોલ્ડ |
| ૮ઈ | વોરા કાવ્યા રમેશકુમાર | બ્રોન્ઝ |

## બાળચિત્ર સ્પર્ધા

૨૬મી જાન્યુઆરીના રોજ કર્ણાવતી આર્ટ ગેલેરીમાં બાળચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. તેમાં નીચેના વિદ્યાર્થીઓએ ટ્રોફી અને સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ.

રાણા ક્રિષા નિતીનભાઈ - (૪અ) ત્રિવેદી કવન ચેતનભાઈ - (૪અ) ખત્રી તન્વી ભાવેશભાઈ - (૪બ)






# આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

## શિશુમંદિર વિભાગ

### રમતોત્સવની ઉજવણી

રમત-ગમત એ આપણા જીવનનો એક મહત્વનો ભાગ છે. તે આપણી શારીરિક તેમજ માનસિક શક્તિનો વિકાસ કરે છે. એક સફળ વ્યક્તિના વિકાસ માટે માનસિક તેમજ શારીરિક વિકાસ થવો જોઈએ. જેમાં માનસિક વિકાસ આપણી શાળાના શરૂઆતના દિવસમાં થઈ જાય છે પણ શારીરિક વિકાસ માટે રમત એક મહત્વનું પાસું છે. આપણી શાળામાં તા. ૨૨-૨-૧૯ના રોજ 'રમતોત્સવ'ની ઉજવણી કરવામાં આવી તેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શાળાની અભિવૃધ્ધિમાં ફાળો આપ્યો હતો જેમાં વિજેતાઓના નામ નીચે મુજબ છે. સર્વે વિજેતાઓને અભિનંદન.

#### ધોરણ : ૧ના વિજેતાઓ

**સમતોલ ચાલ**

| | | |
|---|---|---|
| પાંડવ આરાધ્યા મનોજકુમાર | (૧-બ) | પ્રથમ |
| સોલંકી પરિન ચેતનભાઈ | (૧-અ) | દ્વિતીય |
| પરમાર આસ્થા પ્રશાંતભાઈ | (૧-અ) | તૃતીય |

**સંગીતખુરશી**

| | | |
|---|---|---|
| ગોહેલ ગુંજન પરેશભાઈ | (૧-બ) | પ્રથમ |
| પરમાર ક્રિષ્ના જીતેન્દ્રભાઈ | (૧-અ) | દ્વિતીય |
| ઠાકોર ક્રિષ સુરેશભાઈ | (૧-અ) | તૃતીય |

**પાસીંગ ધ પાર્સલ**

| | | |
|---|---|---|
| ફાળકે ધૈર્ય અંકિત | (૧-બ) | પ્રથમ |
| ગોહેલ ગુંજન પરેશભાઈ | (૧-બ) | દ્વિતીય |
| સોલંકી નિખિલ કિરણભાઈ | (૧-અ) | તૃતીય |

**દોડ**

| | | | |
|---|---|---|---|
| **બહેનો** | મનાણી ધાર્મી યોગેશભાઈ | (૧-બ) | પ્રથમ |
| | ટાંક વૃંદા તુષારભાઈ | (૧-અ) | દ્વિતીય |
| | કાચા પરી અભિષેકભાઈ | (૧-બ) | તૃતીય |
| **ભાઈઓ** | પાસી સુરજ રામકિશન | (૧-અ) | પ્રથમ |
| | ઠાકોર ક્રિષ સુરેશભાઈ | (૧-અ) | દ્વિતીય |
| | રાઠોડ મીત પિયુષ | (૧-બ) | તૃતીય |





#### ધોરણ : ૨ના વિજેતાઓ

**સમતોલ ચાલ**

| | | |
|---|---|---|
| ઠાકોર કુશ પિનાકિનભાઈ | (૨-બ) | પ્રથમ |
| ઘાંચી યશ્વી ભીમારામ | (૨-અ) | દ્વિતીય |
| પરમાર હર્ષલ જીતુભાઈ | (૨-બ) | તૃતીય |
| રાઠોડ કાવ્ય સંદિપભાઈ | (૨-બ) | તૃતીય |

**સંગીતખુરશી**

| | | |
|---|---|---|
| લાખાણી કેસર કૌશિકભાઈ | (૨-અ) | પ્રથમ |
| મોદી હર્ષ ચિત્રલકુમાર | (૨-અ) | દ્વિતીય |
| પ્રજાપતિ રિષી હિતેષભાઈ | (૨-બ) | તૃતીય |

**પાસીંગ ધ પાર્સલ**

| | | |
|---|---|---|
| ગોહેલ ક્રિષ્ના મિલનભાઈ | (૨-અ) | પ્રથમ |
| ઠાકોર કુશ પિનાકિનભાઈ | (૨-બ) | દ્વિતીય |
| ચૌહાણ નંદિશ મુકેશભાઈ | (૨-બ) | તૃતીય |

**દોડ**

| | | | |
|---|---|---|---|
| **બહેનો** | શેલાર તૃષા કેનીભાઈ | (૨-બ) | પ્રથમ |
| | સોલંકી દેવાંશી ભરતભાઈ | (૨-બ) | દ્વિતીય |
| | મુછડિયા પ્રિયાંશી પ્રવિણભાઈ | (૨-અ) | તૃતીય |
| **ભાઈઓ** | પ્રજાપતિ રિષી હિતેષભાઈ | (૨-બ) | પ્રથમ |
| | દેસાઈ શૌર્ય જનકભાઈ | (૨-અ) | દ્વિતીય |
| | પરમાર હર્ષલ જીતુભાઈ | (૨-બ) | તૃતીય |

# આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

## શિશુમંદિર વિભાગ

### ધોરણ : ૩ના વિજેતાઓ

**સંગીત ખુરશી**

| | | |
|---|---|---|
| ચાવડા જીલ અનિલભાઈ | (૩-બ) | પ્રથમ |
| કાનાબાર યશસ્વી પ્રકાશકુમાર | (૩-અ) | દ્વિતીય |
| રબારી નરેશ જેઠાભાઈ | (૩-બ) | તૃતિય |

**બોલ ઈન બાસ્કેટ**

| | | |
|---|---|---|
| પરમાર ફોરમ દિપકભાઈ | (૩-બ) | પ્રથમ |
| પ્રજાપતી વીર વિજયભાઈ | (૩-અ) | દ્વિતીય |
| કાનાબાર વેદાંત ભાવેશકુમાર | (૩-બ) | તૃતીય |

**માઈન્ડ ગેમ**

| | | |
|---|---|---|
| મકવાણા જીયા વિનોદકુમાર | (૩-બ) | પ્રથમ |
| મૈસુરિયા મોક્ષિત પરેશભાઈ | (૩-અ) | દ્વિતીય |
| પંસારા શ્રીજલ ભાવિનભાઈ | (૩-બ) | તૃતીય |

**દોડ**

**ભાઈઓ**

| | | |
|---|---|---|
| પ્રજાપતિ વીર વિજયભાઈ | (૩-અ) | પ્રથમ |
| ચુડાસમા અવિરાજસિંહ રાજેન્દ્રસિંહ | (૩-અ) | દ્વિતીય |
| ચૌહાણ દેવ વિક્રમભાઈ | (૩-બ) | તૃતીય |
| બાગુલ હેત નિતીનકુમાર | (૩-બ) | તૃતીય |

**બહેનો**

| | | |
|---|---|---|
| મિસ્ત્રી સારીકા જીજ્ઞેશ | (૩-બ) | પ્રથમ |
| પંસારા શ્રીજલ ભાવિનભાઈ | (૩-બ) | દ્વિતીય |
| રામી અનેરી ધવલ | (૩-અ) | તૃતીય |
| વાઘેલા ધ્રુવી રમેશભાઈ | (૩-અ) | તૃતીય |







### ધોરણ : ૪ના વિજેતાઓ

**સંગીત ખુરશી**

| | | |
|---|---|---|
| બથવાર નિજીંશા અમૃતભાઈ | (૪-બ) | પ્રથમ |
| રાવલ અભય રાજુભાઈ | (૪-અ) | દ્વિતીય |
| ગોહિલ તિર્થ ઉપેન્દ્રભાઈ | (૪-અ) | તૃતીય |

**બોલ ઈન બાસ્કેટ**

| | | |
|---|---|---|
| રાવલ અભય રાજુભાઈ | (૪-અ) | પ્રથમ |
| વાઘેલા ક્રિષ્ના ભરતભાઈ | (૪-બ) | દ્વિતીય |
| સોંદરવા દિશા હીરાભાઈ | (૪-અ) | તૃતીય |

**માઈન્ડ ગેમ**

| | | |
|---|---|---|
| ઠાકોર હિનલ જશવંતભાઈ | (૪-અ) | પ્રથમ |
| સોંદરવા દિશા ભરતભાઈ | (૪-અ) | દ્વિતીય |
| ગાંધી ભવ્ય મિત્તલકુમાર | (૪-બ) | તૃતીય |

**દોડ**

**ભાઈઓ**

| | | |
|---|---|---|
| ગાંધી ભવ્ય મિત્તલકુમાર | (૪-બ) | પ્રથમ |
| ખાણીયા હેત નરેન્દ્રભાઈ | (૪-અ) | દ્વિતીય |
| મણવર હિમેશ ભરતભાઈ | (૪-અ) | તૃતીય |
| રામાણી પ્રિન્સ અમિતભાઈ | (૪-બ) | તૃતીય |

**બહેનો**

| | | |
|---|---|---|
| રાણા ક્રિશા નીતિનભાઈ | (૪-અ) | પ્રથમ |
| ખત્રી તન્વી ભાવેશ | (૪-બ) | દ્વિતીય |
| જાદવ ધ્રુવી કમલેશભાઈ | (૪-અ) | તૃતીય |
| મહેતા ધ્યાના કેતનભાઈ | (૪-બ) | તૃતીય |

# આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

**શિશુમંદિર વિભાગ રમતોત્સવ - ગૃપ પ્રમાણે વિજેતાઓ**
**(ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓ )**

| | | |
|---|---|---|
| **ખો-ખો** | : | ધવલગીરી અને રત્નદીપ વચ્ચેની હરીફાઈમાં રત્નદીપનો વિજય થયેલ. |
| **ડોઝબોલ** | : | રત્નદીપ અને મેઘનાદ વચ્ચેની હરીફાઈમાં મેઘનાદનો વિજય થયેલ. |
| **લંગડી** | : | રત્નદીપ અને ધવલગીરી વચ્ચેની હરીફાઈમાં ધવલગીરીનો વિજય થયેલ. |
| **બેડમિન્ટન** | : | રત્નદીપ અને ધવલગીરી વચ્ચેની હરીફાઈમાં ધવલગીરીનો વિજય થયેલ. |

**દોરડા કૂદ**

| **વિજેતાઓના નામ** | | | **રાઉન્ડ** | **સેકન્ડ** |
|---|---|---|---|---|
| લાવંત્રા ક્રિષ્ના વસંતભાઈ | (૫-અ) | (મેઘનાદ) | ૧૦૩ | ૫૨.૭૮ |
| કડિયા ગ્રીષ્માબેન ઉમાકાન્તભાઈ | (૮-બ) | (ગંગોત્રી) | ૭૨ | ૩૨.૭૩ |
| ચાવડા શ્રુતિ અનિલભાઈ | (૮-અ) | (ગંગોત્રી) | ૬૨ | ૨૬.૮૫ |

**લોંગ જમ્પ**

| | | |
|---|---|---|
| ઘાંચી ભાવેશ બાબુલાલ | (૮-બ) | (ધવલગીરી) |
| મનાણી યશ યોગેશભાઈ | (૬-બ) | (ગંગોત્રી) |
| વાઘેલા હર્ષકુમાર દિપકભાઈ | (૭-બ) | (રત્નદિપ) |

**દોડ**

| | | | |
|---|---|---|---|
| રાજપૂરોહિત રીના ભૂરસિંહ | (૫-અ) | (ગંગોત્રી) | પહેલો નંબર |
| વોરા સાક્ષી હેતલકુમાર | (૮-બ) | (ધવલગીરી) | બીજો નંબર |
| વણઝારા રવિના લાલાભાઈ | (૬-અ) | (રત્નદીપ) | ત્રીજો નંબર |

**બેડમિંટન (મેઘનાદ)**

| | |
|---|---|
| દોશી ભવ્ય પ્રિતેશકુમાર | (૮-બ) |
| મિસ્ત્રી જેનીલ દિલીપભાઈ | (૭-અ) |
| સંઘવી હિતાંશુ વિનોદભાઈ | (૭-અ) |

**ડોઝ બોલ (ગંગોત્રી)**

| | |
|---|---|
| દેસાઈ નીર મોહનભાઈ | (૮-બ) |
| પરીખ ખુશીલ જૈમીશભાઈ | (૮-અ) |
| ઝાલા પાર્થરાજ ધર્મેન્દ્રસિંહ | (૮-અ) |
| સથવારા સાર્થક જયેશભાઈ | (૮-અ) |
| રામી વત્સલ ધવલભાઈ | (૭-અ) |
| મોતીશા વિરાજ શિતાંશુભાઈ | (૭-અ) |
| શાહ આગમ સિધ્ધાર્થકુમાર | (૮-બ) |
| વ્યાસ કૃષ્ણ ઉદયકુમાર | (૬-અ) |
| લગડ સાહિલ હરેશભાઈ | (૭-અ) |

**લંગડી (ગંગોત્રી)**

| | |
|---|---|
| પરીખ ખુશીલ જૈમીશભાઈ | (૮-અ) |
| સોની દક્ષ સુનિલભાઈ | (૮-અ) |
| સથવારા સાર્થક જયેશભાઈ | (૮-અ) |
| ગજ્જર સુજલ નરેશભાઈ | (૮-અ) |
| શાહ આગમ સિધ્ધાર્થકુમાર | (૮-બ) |
| ઠાકોર આર્યન અરવિંદભાઈ | (૭-બ) |
| મોતીશા વિરાજ શિતાંશુકુમાર | (૭-અ) |
| રામી વત્સલ ધવલભાઈ | (૭-અ) |
| વ્યાસ કૃષ્ણ ઉદયકુમાર | (૬-અ) |

**કબડ્ડી (ગંગોત્રી)**

| | |
|---|---|
| દેસાઈ નીર મોહનભાઈ | (૮-બ) |
| ઝાલા પાર્થરાજ ધર્મેન્દ્રસિંહ | (૮-અ) |
| ઠાકોર આર્યન અરવિંદભાઈ | (૭-બ) |
| ચુડાસ્મા હર્ષદીપ દેવેન્દ્રસીંહ | (૮-બ) |
| રાખૈયા જૈમીન કમલેશભાઈ | (૭-બ) |
| વાઘેલા ધવલ ભરતભાઈ | (૭-બ) |
| ગજ્જર સુજલ નરેશભાઈ | (૮-અ) |







# આંતરગૃહ સ્પર્ધાઓના વિજેતાઓ

## વિનયમંદિર - રમતોત્સવ

**થ્રો બોલ**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | ડોડિયા જાન્વી અજયસિંહ | (૯-અ) | (પદ્મપુકુર) |
| દ્વિતીય | પરમાર દષ્ટિ મેહુલભાઈ | (૧૧-અ) | (મેઘદૂત) |
| તૃતીય | જોષી આત્રેયી પરીક્ષિત | (૯-અ) | (ગીત-ગોવિંદ) |

**બેડમિન્ટન**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | રાવલ માનુષી નયનભાઈ | (૧૧-અ) | (ચંદ્રમૌલી) |
| દ્વિતીય | નાસીકર હેત્વી જીતેન્દ્રકુમાર | (૧૧-અ) | (ચંદ્રમૌલી) |
| તૃતીય | જાદવ હર્ષિદા અશોકભાઈ | (૯-અ) | (ચંદ્રમૌલી) |

**ખો-ખો**
જેમાં ચંદ્રમૌલી ગૃપ વિજેતા રહેલ.

**ડોઝબોલ**
જેમાં પદ્મપુકુર ગૃપ વિજેતા રહેલ.

**વોલીબોલ**
જેમાં પદ્મપુકુર ગૃપ વિજેતા રહેલ.

**દોડ (બહેનો)**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | શાહ કંગના જયેશકુમાર | (૯-બ) | (મેઘદૂત) |
| દ્વિતીય | દોશી જાન્વી પ્રીતેશભાઈ | (૧૧-અ) | (ગીતગોવિંદ) |
| તૃતીય | દવે હાર્દવિ રિતેશભાઈ | (૯-અ) | (ચંદ્રમૌલી) |

**દોડ (ભાઈઓ)**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | બ્રહ્મભટ્ટ વ્રજેશ શૈલેષભાઈ | (૧૧-બ) | (મેઘદૂત) |
| દ્વિતીય | ત્રિવેદી જૈમિત પ્રતિકભાઈ | (૯-અ) | (ગીતગોવિંદ) |
| તૃતીય | શાહ જૈનમ જતીનકુમાર | (૧૧-અ) | (પદ્મપુકુર) |

**થ્રો-બોલ**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | રામી રાજ પ્રદીપભાઈ | (૧૧-અ) | (મેઘદૂત) |
| દ્વિતીય | પટેલ કુશ પ્રશાંતભાઈ | (૧૧-બ) | (પદ્મપુકુર) |
| તૃતીય | લાવંત્રા ભારત વસંતભાઈ | (૯-અ) | (મેઘદૂત) |

**ડોઝબોલ** - જેમાં પદ્મપુકુર ગૃપ વિજેતા રહેલ.

**કબડ્ડી** - જેમાં મેઘદૂત ગૃપ વિજેતા રહેલ.







## Salad Decoration Competition Winners Amongst the students of 7th to 9th standard

| | | | |
|---|---|---|---|
| 1st | (Parijat) | Shah Yash Maulikbhai | (9-E) |
| | | Makwana Krish Amarbhai | (8-E) |
| 2nd | (Kadam) | Shah Dhruvi Fenilbhai | (9-E) |
| | | Rathod Namrata Kanaiyalal | (9-E) |
| | (Amaltas) | Kansara Maitri Ashishbhai | (7-E) |
| | | Soni Dhyana Vishalkumar | (8-E) |
| 3rd | (Palash) | Shah Pranali Pineshbhai | (9-E) |
| | | Shah Vishwa Jigneshbhai | (8-E) |
| | (Palash) | Chauhan Prachi Jagdishsinh | (7-E) |
| | | Dalwadi Jeet Bhavinkumar | (7-E) |
| | (Parijat) | Patil Hetvi Ajaybhai | (7-E) |
| | | Shah Kriya Birenbhai | (7-E) |





# પ્રવૃત્તિઓ

## સુગમસંગીત સ્પર્ધા
## શિશુમંદિર

ભારતીય સંગીત વિશ્વના અન્ય દેશોથી સ્વર, લય અને તાલની દૃષ્ટિથી અલગ તરી આવે છે. આપણા ૪ વેદો પૈકી સામવેદ એ સંગીતને લગતો વેદ ગણાય છે. સંગીતને  તાલબધ્ધ રીતે ગાવાનું હોય છે. સંગીતમાં ગાયન અને વાદન બંનેનો સમાવેશ થાય છે.

આપણી શાળામાં તા. ૧૭-૧૨-૨૦૧૮ના રોજ સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાયેલ, જેમા ધો.૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સંગીતમાં રસ દાખવ્યો હતો.

દીપાલીબેન વસા કે જેઓ આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે, તેઓ સંગીતમાં ખૂબ જ રસ દાખવે છે અને સંગીત વિશારદ પણ છે. જ્યારે જ્યારે આપણી શાળામાં સંગીતને લગતો કાર્યક્રમ હોય ત્યારે તેઓને નિર્ણાયક તરીકેની ભૂમિકા માટે બોલાવીએ છીએ, ત્યારે ખૂબ જ તત્પરતા દાખવી તેઓ હાજર રહે છે.

**વિજેતા :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પટેલ ક્રિશા હિતેશભાઈ | (૭-બ) | (રત્નદીપ) | સોની રૂત્વી રાકેશભાઈ | (૬-બ) | (ધવલગિરી) |
| શાહ વિરતિ સૌરભભાઈ | (૮-અ) | (ધવલગિરી) | ટાંક યજ્ઞા તુષારભાઈ | (૭-અ) | (મેઘનાદ) |
| વખારિયા હેત્વી ચિરાગભાઈ | (૮-બ) | (ગંગોત્રી) | | | |

## માતૃભાષા દિનની ઉજવણી

માતૃભાષામાં ભણવું એ પાયાનો અધિકાર છે. દુનિયાના કોઈપણ દેશનું શિક્ષણ માતૃભાષા સિવાયની કોઈપણ ભાષામાં નથી, તો આવું આપણા ભવ્ય ભારતમાં કેમ? જો આપણી ગુજરાતી ભાષા લુપ્ત થશે તો મારા અને તમારા મેઘાણી અને કલાપી પણ નાશ પામી જશે. તો આપણે સૌએ એક ભારતનાં એક નાગરિક તરીકે તેમજ ગુજરાતના રહેવાસી તરીકે ‘ગુજરાતી’ને બચાવવી જ પડશે.

આ બધુ જ ધ્યાનમાં રાખીને આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તા. ૨૧-૨-૧૦ના રોજ સવારે ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓને ગુજરાત સાહિત્ય, બાળવાર્તાઓ તેમજ બાળગીતો સંભળાવી તેમને મનોરંજન પૂરુ પાડયું હતું. આ ઉપરાંત તેમને બેગ, ટોપી, કપ, પાઉચ, ટી-શર્ટ આપી તેમના મનમાં ગુજરાતી ભાષા વિશે માન વધે તે રીતે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.






# પ્રવૃત્તિઓ - ACTIVITIES

## COMPETITION

Following students of our School participated in an Inter School Elocution Competition held by Akhilhind Mahila Parishad on 19/1/2019. Congratulation to all of them.

| | | | |
|---|---|---|---|
| 5-E | Gohel Druma Vinodkumar | 7-E | Dalwadi Zeel Bhavinkumar |
| 6-E | Joshi Dhruvi Atulbhai | 8-E | Shah Drashti Dhavalkumar |

Following Students took part in an Elocution Competition held by Rotary Club on 5th January and they received certificated and Natraj Pencil Kit. Their topics were My Clean City. Traffic and Discipline, Earth without Plastic, India tomorrow's Super Power etc.

| | | | |
|---|---|---|---|
| 6-E | Jadeja Rajveersinh Dharminsinh | 8-E | Gandhi Meet Rupeshbhai |
| 6-E | Rajput Kashish Rajnikant | 8-E | Shah Pushti Hemantbhai |
| 7-E | Shah Daksh Ketankumar | 9-E | Rathod Namrata Kanaiyalal |

Following Students got Navneet Products as Prize in the Navneet Drawing Competition

| | | | |
|---|---|---|---|
| 4-E | Fadia Vihan Chintanbhai | 8-E | Shah Pushti Hemantkumar |

On 17th December Sugam Sangeet Competition was held in our School. Dipaliben Vasa and Pratimaben were the judges, all the participates sang with enthusiasm and by heart. We enjoyed listning their songs, the rest is as below.

Maths Science exam was taken for Students 4 to 9 by BYJU's on following students are selected for exam is second level and they got school bag as gift by BYJU's.

## SCIENCE FAIR-2019

The year '2019' will be remembered for a long time in the memory of 'Shardamandir Modern Highschool' as in this year's fair 'PATROTISM' was the main theme.

Under the able leadership of our respected Principal Payalben Shah the students from Std. 5th to 9th Participated with lot of enthusiasm and spirit.

The exhibition on three wings of our 'ARMY' was on display.

'Kadam Group' displayed land army which was guided by respected teachers Kavitaben and Rakesh Kapoor. Students created desert, Forests and Mountain ranges to show under which extreme conditions our brave soldiers work.

'Amaltas Group' guided by respected Harendra Soni Sir and Parth Sir, displayed model of figher jet and Radar for Air Force.

'Parijat Group' had responsibility to display heroics of 'Indian Navy' under leadership of respected Ashish Sir and Kiranben draw on Indian map displaying our water boundaries along wih Model of warship.

Palash group guided by respected Rinku teacher and Purvi teacher tried to show working of C.B.I. and how this premier institution tackle corruption at higher places.

Result :

Parijat groups NAVAL display was declared winner by respected judges. In the same spirit enthusiastic students of standard 5th to 9th displyaed working models of various science topics.

Following students were declared winners

| | | | |
|---|---|---|---|
| 8E | Parmar Nehal Nitinkumar | 7E | Shah Kriya Birenkumar |
| 8E | Parekh Isha Ghanshyambhai | 8E | Makwana Krish Amarbhai |
| 7E | Shah Nupoor Sandip | 8E | Chunawala Harshkumar Kunalkumar |

Junior students were not to be left behind guided by learned teachers students belonging to Std. 1st to 4th displayed models on wide ranging subjects.

| | |
|---|---|
| 2E | Mandaliya Siya Hiren |
| 3E | Gandhi Akshit Mayurbhai |
| 4E | Joshi Vaani Dhavalbhai |

In chart display categery following students were the winners.

| | | | |
|---|---|---|---|
| 2E | Contractor Divy Nilaybhai | 3E | Kadiya Shlok Jigneshkumar |
| 3E | Saraiya Mishtee Akashbhai | 4E | Chavda Bhavya Nareshbhai |

This fair got tremendous response from parents and guests and it is hope next year it will be bigger in size.

# પ્રવૃત્તિઓ - ACTIVITIES

## બાલમંદિર

- તા.૧૯-૧૧-૧૮ને સોમવારથી શાળાનું બીજું સત્ર શરૂ થયું. નાના ભૂલકાઓ દિવાળીની રજાની મજા માણી હર્ષભેર શાળામાં આવ્યા.
- તા. ૧-૧૨-૧૮ને શનિવારે દલાતરવાડી પપેટનું આયોજન કરવામાં આવ્યું. વશરામભૂવાને ડૂબકા ખાતા જોવાની બાળકોને ખૂબ જ મજા આવી.
- શાળામાં કસરતથી થતા ફાયદા સમજાવી સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૧૫-૧૨-૧૮ને શનિવારે હેન્ડ પપેટ દ્વારા જુદા જુદા પ્રાણીઓની ઓળખ આપવામાં આવી. જેમાં બાળકોને ખૂબ મજા આવી.
- તા. ૨૨-૧૨-૧૮ને શનિવારે ક્રિસમસ તહેવારની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોએ સાંતાક્લોઝ, જોસેફ મરીયમ જેવા પાત્રો બની ઉત્સાહભેર ઉજવણી કરી. શ્રીમતી હર્ષાબેન પ્રજાપતિએ સાંતાક્લોઝ બની બાળકોના તહેવારની ઉજવણીમાં ભાગ લઈ એમને ગમતી ભેટ આપી.
- તા. ૧૧-૧-૧૯ને શુક્રવારે પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં બાળકોએ જાતે બનાવેલા પતંગો હાથમાં લઈ જુદા જુદા ગીતો ગાવાની મજા માણી. શીંગના લાડુ ખાઈ, હે... કાટેની બૂમોથી શાળાનું વાતાવરણ ગુંજી ઉઠ્યું.
- તા. ૨૧-૧-૧૯ સોમવારે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લીંબુ ચમચો, વિઘ્નદોડ, મેમરી ગેઈમ, થ્રો બોલ, દોડ, સંગીતખુરશી જેવી રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા. ૨૫-૧-૧૯ને શુક્રવારે પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં ચિ.કાવ્યા શુક્લ ભારતમાતા, ચિ. નૈતિક શાહ નહેરુ ચાચા અને ચિ. દેવમે ગાંધીજી બની આ તહેવારની ઉજવણીમાં ભાગ લીધો.
- તા. ૩૦-૧-૧૯ને બુધવારે ગાંધી નિર્વાણદિન નિમિત્તે બે મિનિટ મૌન પાળી દેશના અહિંસક લડવૈયાની સાચી ઓળખ આપી શ્રધ્ધાંજલિ આપી.
- તા. ૩૧-૧-૧૯ શિયાળામાં આવતા લીલા શાકભાજીનું મહત્વ સમજાવી સૂપ અને સલાડનો પાઠ આપી નાસ્તામાં આપવામાં આવ્યા અને તા. ૨-૨-૧૯ના રોજ 'વટામીન રાજા' નાટક દ્વારા પૌષ્ટિક ખોરાકનું મહત્ત્વ સમજાવ્યું.
- સમૂહવાર્તા, પપેટ, હેન્ડ પપેટ, ટી.વી. પર વાર્તા, સમૂહ રમત, ઉદ્યોગ, સમૂહ કસરતનું આયોજન કરવામાં આવેલ.
- તા. ૯-૨-૧૯ને શનિવારે વસંતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વસંતના ગીતો ગાઈ સરસ્વતી પૂજન કરી વસંતના વધામણા લીધા.











## આર્કાઈઝમાંથી

### ધારા ત્રિવેદી - સંગ્રામ ખેલવાની તમન્ના... એ જ સાચી જિજીવિષા

- ડૉ. ઉર્મિલાબહેન શાહ

'બહેન ! ધારાને લઈને તમને મળવા આવવું છે. તમે અને દિનુભાઈ સવારે મળશો ? '

'અરે ! કોણ જયેશભાઈ ? આટલા બધાં વખત પછી તમારો અવાજ સાંભળવા મળ્યો ? ધારા ક્યા છે ? બારમું ધોરણ પાસ કરીને સ્કૂલમાંથી ગઈ પછી ભાગ્યે જ કોઈ દિવસ તેના સમાચાર મળ્યાં છે ને આજે આટલા વખતે તમે કહો છો તેને લઈને મળવા આવવું છે ! કંઈ ખાસ કારણ છે કે શુ ? શું સમાચાર છે ?'

'અરે બહેન ! શું વાત કરું ? સમાચાર તો ખૂબ આનંદના છે. તમે ય માની ન શકો એવી ઈશ્વરની કૃપા થઈ છે ને હવે તમારા આશીર્વાદ લેવા આવવું છે.'

'શું વાત કરો છો ?'

'બહેન ! એને અમેરિકાની રોચેસ્ટર યુનિવર્સિટી તરફથી પીએચ.ડી. કરવા માટે સ્કોલરશીપ મળી છે અને એટલે બે દિવસ પછી હું ધારાને લઈને રોચેસ્ટર જઈ રહ્યો છું.'

અને આ સાંભળી મારા આશ્ચર્યનો કોઈ જ પાર ન રહ્યો. મારી નજર આગળ લગભગ બાર તેર વર્ષ પહેલાનાં એ દિવસો, એ દૂબળી પાતળી, સૂક્કી ધારા... નાની હતી ત્યારથી જ હૃદયની બીમારી. બે ત્રણ વખત હૃદયનાં વાલ્વનાં ઓપરેશન કરાવેલાં અને એટલે એની નાજુક તબીયતને કારણે તેને ખૂબ સાચવવી પડતી. પપ્પા જયશંકરભાઈ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં સાયન્ટિસ્ટ અને મમ્મી જયશ્રીબહેન ત્યાંજ કોમ્પ્યુટર એન્જિનીયર પણ બંને એટલી કાળજી કરે કે ક્યારેક તો મને પણ એમ થાય કે બંને આવી નોકરી સાથે ધારાને આટલી સારી રીતે કેવી રીતે સાચવી શકતાં હશે ! ક્યારેય સહેજ પણ હાથ માથું દુઃખે કે હું તરત ફોન કરું. હૃદયની બીમારી, જાગૃત રહેવું  જ પડે. માત્ર દસ જ મિનિટમાં મમ્મી કે પપ્પા જ્યાં પણ હોય ત્યાંથી હાજર થઈ ગયાં હોય. હું ક્યારેક કહું પણ ખરી 'ધારાને ભણવા માટે દબાણ ન કરો. એની શક્તિ મુજબ એ જેટલું કરે એટલું કરવા દો... 'ત્યાં તો ધરા જ હસીને કહી દે... 'ના બહેન ! મને ભણવાનું તો બહું ગમે છે.' નાનપણથી આવી તબિયત છતાં ય તેનાં મોં પર મેં ક્યારેય પ્રસન્નતા ઓછી થયેલી જોઈ નહોતી.

એક દિવસ તો મારી ઓફિસમાં એનાં પપ્પાને કહે 'પપ્પા! મને એક વાર સ્વીટ્ઝરલેન્ડ લઈ જશો?' મારે સ્વીટ્ઝરલેન્ડ જોવું છે... ને મને ધારાની આ આજીજી સાંભળી મારું હૃદય હલી ગયું. જેની કાલ કેવી જશે એનો કોઈ ભરોસો નથી એ ધારાની આંખોમાં હજી સ્વીટ્ઝલેન્ડનાં શમણાં છે. ઈશ્વર ! તું ય માણસમાં આશાવાદનાં કેવા કેવા પ્રાણ પૂરીને એને જીવન જીવવાનો પ્રાણવાયુ પૂરો પાડે છે. અને મને યાદ આવ્યું... બે ચાર વર્ષ પહેલાં, અમારી 'ધી એક્સ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવિંગ'ની ઈન્ટરનેશનલ મીટ વખતે સ્વીટ્ઝરલેન્ડનાં ડેલીગેટસે સ્વીટ્ઝરલેન્ડનું બહું જ મોટું ખૂબ સુંદર ચિત્ર ભેટ આપ્યું હતું તે મેં ધારાને ભેટ આપ્યું. ને કહ્યું 'બેટા! પપ્પા તને ત્યાં લઈ જાય ત્યાં સુધી તું તારા પલંગમાં સૂતાં સૂતાં જ સ્વીટ્ઝરલેન્ડની સફર કર્યા કરજે. આંખો મીંચી ત્યાં પહોંચી જજે.' અને એના આનંદનો કોઈ પાર ન હતો.  એના મોં પરનો એ અપાર આનંદ હજી આજે ય મારાથી ભૂલાતો નથી. એમાં ભારોભાર નિર્દોષતા અને નિખાલસતા હતી. એની આંખોમાં અપાર વ્હાલ હતું. એ જ ધારા બારમું પાસ કરીને સ્કૂલમાંથી ગઈ ત્યારે તો એમ થયું કે 'ઈડરિયો ગઢ જીત્યા' કારણકે આવી તબિયતે બારમું કરવું તે કંઈ સહેલી વાત ન હતી અને એટલે એ પછી એના બહુ ખબર અંતર મળેલા નહીં.

પરંતુ જ્યારે એના પપ્પાનો મળવા આવવા માટે ફોન આવ્યો ત્યારે એમણે સમાચાર આપ્યાં કે એ તો બી.એસસી.માં ખૂબ સારી રીતે પાસ થઈ હતી. ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. એમ.સેસસી. પણ સરસ રીતે કરીને કોલેજના લેક્ચરશીપ કરતી હતી. મને આશ્ચર્ય થયું.... 'આ ધારા, સાવ દૂબળી પાતળી. એ વળી લેક્ચર બોલતાં તો હાંફી જતી હતી.એ વળી લેક્ચર કેવી રીતે આપતી હશે !' પણ ના, ધારાનું મનોબળ... ધારા ધારે તે કરે એવા મનોબળવાળી હતી અને એટલે જ તો દુનિયામાં જેનું ફિઝિક્સ સૌથી ઉત્તમ ગણાય છે એવી યુનિવર્સિટીમાંથી તેને પીએચ.ડી. કરવા માટેની સ્કોલરશીપ મળે એ કંઈ નાની સુની સિધ્ધિ ન હતી.

ધારા આવી હજી હતી તેવી ને તેવી જ નાજુક દેખાતી હતી. ઘડીભર તો મને થયું 'આ ધારા... આ બધું કેવી રીતે ખમી શકશે ? ઈશ્વરે માણસનું મગજ પણ ખરું ઘડ્યું છે ને !' મગજની તાકાત આગળ જાણે શરીરની તાકાતની કોઈ કિંમત જ નથી ! ધારાની આંખોમાં જે તેજ હતું . તેનાં મોં પરની પ્રસન્નતા. હજી પેલું બાળપણ જેવું જ નિર્દોષ હાસ્ય ને મને જોતાં જ ચરણરજ લેવા નીચે નમતી ધારાને મેં માથે ચૂમી ઊંચી કરીને છાતી સરસી ચાંપી લઈને અંતરથી આશીર્વાદ આપ્યાં. ઈશ્વર તારી બધી મનોકામના પૂરી કરે. એક પછી એક અનેક સિદ્ધિનાં સોપાનો સર કરે ને દુનિયાભરમાં શારદામંદિરને પણ ગૌરવ અપાવે. બેટા ! વિજયતે તરામ્ ! ખૂબ ફત્તેહ કર... ગોડ મે બ્લેસ યુ...!'

## આર્કાઈઝમાંથી

અને ત્યાંજ જયશંકરભાઈ બોલી ઉઠ્યાં, 'બહેન, તમે એ સાચું બોલ્યા... આ બધું જ ઈશ્વરકૃપાથી જ થયું છે. તમને ખબર છે! ધારાની તબિયતમાં જે કંઈ થયું છે તે બધું જ પ્રમુખસ્વામીની કૃપાથી જ થયું છે. એ બી.એસસી.ની પરીક્ષા આપીને આવી. એકાદ પેપર બગડેલું. ચિંતામાં હતી. હવે મારો રેન્ક ગયો. ને બાપજી મહારાજે આશીર્વાદ આપ્યા. બેટા! ચિંતા ન કર, ફત્તેહ તારા હાથમાં છે ને એને મેડલ મળ્યો. એની આ બધી જ કૃપાનાં સાચા અધિકારી પ્રમુખસ્વામી. બાપજી મહારાજ છે બહેન ! તમે નહીં માનો પણ તમને ચમત્કાર લાગે તેવી રીતે ધારાનાં જીવનમાં અનેક વળાંકો એમની કૃપાથી આવ્યાં છે અને હું તો હવે એમજ માનું છું કે આપણે જે કંઈ છીએ કે જે કઈ કરી શકીએ છીએ એ માત્ર ને માત્ર ઈશ્વરકૃપાથી જ થાય છે.' જયશંકરભાઈની એક પિતા તરીકેની આ મહાનતા, નમ્રતા મને ખૂબ સ્પર્શી ગઈ પણ મને યાદ છે ધારા નાની હતી ત્યારથી તેમણે બંનેએ તેની જે કાળજી લીધી હતી. ઘરમાં માત અને પિતા તરફથી તેને જે પ્રોત્સાહન મળતું હતું અને એ બધાં કરતાં બાળક નાનું હોય ત્યારથી એના રોલ મોડેલ તરીકે એણે એના પપ્પાને જ જોયાં હતાં. 'મારે પણ પપ્પાની જેમ સાયન્ટિસ્ટ થવું છે.' જીવનમાં સુખ અને દુઃખ પણ દુઃખથી જરાય ડર્યા કે હાર્યા વિના સતત સંગ્રામ ખેલતાં ખેલતાં અને તે પણ હસતા મોંએ એ સંગ્રામ ખેલતાં ખેલતાં એ ધારા જ્યારે એની કારકિર્દીની આવી પરાકાષ્ટાએ પહોંચી ત્યારે તો મને પણ તેના માટે શીર નમાવવાનું અંદરથી મન થઈ ગયું. ધન્ય છે ધારા તારા મનોબળને. માણસ ધારે તો શું ન કરી શકે ! વેર ધેર ઈસ ધ વિલ ધેર ઈસ ધ વે!

એ જ ધારાનાં પપ્પા જયશંકરભાઈનો હમણાં અમેરિકાથી ફોન આવ્યો, ધારાને ત્યાંથી એક ખૂબ સારી યુનિવર્સિટીમાં ફીઝિક્સની પ્રોફેસરશિપ મળી અને આશીર્વાદ લેવાં ફોન કર્યો હતો. એ સાંભળી મારા આનંદનો પાર ન હતો. આવી નાજુક તબિયતે પણ ધારાએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે જોઈ મારાથી કહેવાઈ ગયું 'સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા.'

## REPORT

### MAHATMA GANDHIJI QUIZ COMPETITION



on 16th Feb. 2019 A Quiz competition based on the life of Mahatma Gandhiji was held at Diwan Ballubhai School, Kankaria. The students of our 9th & 11th Com. (Eng. Med.) participated in it. The Quiz quetions were asked from Gandhiji's autobiography "My experiments with Truth". Each student read the whole book for preparation. Our school and other 6 schools had participated in it. The Quiz consisted of 4 different rounds in which they had to prove their knowledge about the book. The 1st round consisted 30 marks, 2nd round consisted 20 marks, 3rd was rapid fine round of 10 marks and the last round was abuzzer between the two finalist teams. Our students won the quiz by scoring 19 marks. The quiz was all about encouraging the students to read more books.

The winners were Akshat Shah (11-E-Comm.), Darshan Parghi (11-E-Comm.), Nishag Dwivedi (9-E), Manav Prajapati (9-E)

## A TRIBUTE TO INDIAN ARMY

उस दिन चाँद भी फूट फूट कर रोया होगा, सूरज ने भी उगने से मूँह मोडा होगा।

जब एक माँ ने अपने बेटे को खोया होगा !

उस दिन एक भी सच्चा देशवासी, चैन की नींद ना सोया होगा।

जब एक बहन ने अपने भाई को खोया होगा।

और जब एक बेटे ने अपने पिता को खोया होगा !

कतरा कतरा खून का खौला होगा, जब एक सुहागन ने अपने सिंदूर को पोछा होगा !

कुछ हैसियत नही वो लोग की जो नामर्दो की तरह पीछे से वार करते है।

क्योंकि वो ये शेर जैसे भारत के सामने आने से डरते है।

उस दिन कोई जवान अपने परिवार के बारे में सोचता होगा, जब ईन लोगो ने बम फोडा होगा।

पुलवामा की धरती खून के आँसू रोई होगी,

जब एक फौजी ने अपनी वर्दी जलती देखी होगी।

जय हिन्द ।

- Devarsh Jhaveri- 11-E(Comm.)

# વિદ્યાર્થી વિભાગ

## મારો અનુભવ

બપોરે ૩ વાગે ચિત્રની પરીક્ષા આપવા ગયા. ત્યાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ હતાં. મોટા હોલમાં અમને બેસાડ્યા. ત્યાં અમને ખૂબ જ મજા આવી. ત્યાર પછી અમે સરદાર વલ્લભભાઈ પટેલનું મ્યુઝિયમ જોયું, ત્યાં એમણે વાપરેલા કપડા, વાસણો, તેમણે શું કર્યું હતું તે જોયું. તે જોવાની ખૂબ જ મજા આવી. પરીક્ષા આપીને અમને એક હોલમાં લઈ જઈ સરદારજી વિશે નાનપણથી મોટા સુધીની બધી વાતો અમને સંભળાવી, પછી અમને ત્યાં સરસ જમવાનું આપવામાં આવ્યું. અમને 3D માં આઝાદીનું આખું પિક્ચર બતાવ્યું. એ જોવાની ખૂબ જ મજા આવી. આ દિવસ મારા જીવનનો ખૂબ જ યાદગાર દિવસ બની ગયો. બધાને સરસ ઈનામ વિતરણ કરી પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા. સરદાર વલ્લભભાઈ પટેલને વંદન.

**રાણા ક્રિશા નિતીનભાઈ - ધો. ૪-અ**

---



સરદાર વલ્લભભાઈ પટેલને કેમ ભૂલાય ? તેમણે અશક્ય કાર્યને શક્ય કરી બતાવ્યું. તેમણે ટુકડાઓમાં વહેંચાયેલ ભારતને અખંડિત રાષ્ટ્રમાં નિર્માણ કર્યું. તેમની ૧૪૪મી જન્મજયંતિ નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરીયલ સોસાયટી, શાહીબાગ, અમદાવાદ દ્વારા ધોરણ-૩ થી ૫, ૬ થી ૮,૯, થી ૧૨ તેમજ ઓપન કેટેગરી ગ્રુપમાં ચિત્રકળા સ્પર્ધાનું આયોજન રાખેલ. જેમાં મેં આપણી શાળા તરફથી ધોરણ-૩ થી ૫ ની કેટેગરીમાં ભાગ લીધેલ. જેમાં દરેક ભાગ લેનાર સ્પર્ધકોને સંસ્થા તરફથી સર્ટીફીકેટ આપ્યાં. સ્પર્ધા સમાપ્ત થયા બાદ વિદ્વાન વક્તાઓ દ્વારા સરદાર પટેલનાં જીવન કવનનાં અદ્ભૂત પ્રસંગો અમે સાંભળ્યા. પછી સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ રાખેલ. રાત્રે સંસ્થા દ્વારા ભારતભરમાં સૌપ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન વિશેનો ૩ડી શો દર્શાવેલ. જેમાં આઝાદી મેળવવાં માટે સ્વાતંત્ર્ય વિરોનાં ત્યાગ, બલિદાન અને શૌર્યને લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા જીવંત નિહાળ્યા. ગાંધીજીની દોરવણી હેઠળ સરદાર પટેલ, ચાચા નહેરુ, મૌલાના આઝાદ વગેરે અસંખ્ય નેતાઓને “અહિંસા દ્વારા જ ભારતને આઝાદી અપાવીશું” તેવા અદ્ભૂત વિચારને સાકાર કરી બતાવ્યો. સરદાર પટેલનાં જીવનમાંથી આપણને ખ્યાલ આવે છે કે દરેક ભારતીયોએ સ્વતંત્રતા માટે કેટલો સંઘર્ષ કર્યો હશે ?

કેમલ આર્ટ કોન્ટેક્ટ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં મારું ચિત્ર સ્પર્ધામાં પસંદગી પામેલ, જે માટે મને કેમલ આર્ટ કોન્ટેસ્ટ તરફથી “વોશેબલ ક્રેયોન” (૧૨ શેડ) ઈનામ રૂપે પ્રાપ્ત થયેલ. ગાંધી જયંતિ નિમિત્તે “સરદાર પટેલ સ્મૃતિ ટ્રસ્ટ” ખાતે અમદાવાદ શહેરમાં યોજાયેલ ધોરણ-૧ થી ૪ ની “સુલેખન સ્પર્ધા”માં અમદાવાદ શહેરમાં મારો દ્વિતીય ક્રમાંક આવેલ. ઉપરોક્ત સ્પર્ધામાં શાળા તરફથી મારી પસંદગી પામેલ, જે માટે હું શાળાનો ખૂબ ખૂબ આભાર માનું છું. જય હિંદ.

**કવન ચેતનભાઈ ત્રિવેદી (ધો.૪-અ)**

## SHARDAMANDIR NAVNIRMAN

At Shardamandir, education is not merely exam-oriented, but a comprehensive knowledge imparting and character building exercise, but it also recognizes the need for the following :

- Better Infrastructure
- Upgraded teaching methods
- Pleasing environment
- Exposure to sports, music, arts, research, science & technology
- Recreational Facilities

Towards this end, the scool has outlined several enhancements that will help sharpen the competitie edge.

**INFRASTRUCTUREAL IMPROVEMENTS**

- Classrooms with whiteboards, better ventilation and lighting, repairs / replacementof benches and btter ambience.
- Campus wide network for CCTV and delivery of multimedia contents in future.
- Modern toilets within each building wing for all weather easy access.
- Adding 2 more gates due to the upcoming metro station.

**NEW CONSTRUCTION**

- A floor above the main building for addition of one more division for Modern School & Highschool (English medium). Extension of Prarthna Hall of Shishumandir to accommodate all students.
- An additional half on top of it for indoor sports and recreation such as Table Tennis, Carrom, Chess etc.
- An indoor sports room near Modern School.

**OUTDOOR SPORTS & LANDSCAPING**

- Development of the ground in front of Modern School for outdoor sports like Volleyball, badminton, Basketball etc.
- In addition of existing cricket pitch, provision for other sports practice such as Football, Hockey, Kabbadi etc.
- Paved areas and shaded sitting areas for students.
- Tree plantation along the compound wall. Green areas at strategic location, Facelift and beautification of the premises.

**S.M.A.R.T. Academy**

Shardamandir S.M.A.R.T. (Sports, Music, Arts, Research & Technology) Academy is planned for Sports, Music, Fine Arts, Painting, Dance, Drama, Crafts and also technology like electronics, robotics, computer and STEM (Science, Technology, Engineering, Maths) activies. **The S.M.A.R.T. Academy** shall have classrooms, labs, seminar rooms, Maker space, library and an active section for **SHARDAMANDIR ALUMNI.**

**For more information of this project, visit :**
**http://sharadamandir.com/navnirman**

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com
‘શારદ’નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

# શારદામંદિર નવનિર્માણ













પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન :+91-79-26600242

shardamandir1924@gmail.com

www.sharadamandir.com